**માનનીય અધ્યક્ષશ્રી,**

રાજ્યના મૃદુ અને મક્કમ માનનીય મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઇ પટેલ સાહેબના વડપણ હેઠળની સરકારના આદરણીય નાણાં અને ઉર્જા મંત્રીશ્રી માનનીય કનુભાઇ દેસાઇ સાહેબ જે અંદાજપત્ર લઇને આવ્યા છે તેને હું સમર્થન આપું છું અને મારા વિચારો રજુ કરૂં છું.

**માનનીય અધ્યક્ષશ્રી,**

સૌ પ્રથમ આજે તારીખ ૧૩મી ફેબ્રુઆરી ૧૮૭૯ના રોજ પુજ્ય સરોજીની નાયડુજીના જન્મદિવસને રાષ્ટ્રીય મહિલા દિવસ તરીકે ઉજવવામાં આવે છે. જે નિમિત્તે સદનની સર્વે મહિલા ધારાસભ્યશ્રીઓ તથા રાજ્યની તમામ મારી માતાઓ બહેનોને રાષ્ટ્રીય મહિલા દિવસની હાર્દિક શુભકામનાઓ પાઠવું છું.

**માનનીય અધ્યક્ષશ્રી,**

ગુજરાત રાજ્યના તત્કાલીન મુખ્યમંત્રીશ્રી અને હાલના દેશના યશસ્વી વડાપ્રધાન માનનીય શ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબનો આપણે જેટલો આભાર માનીએ એટલો ઓછો છે. કેન્દ્રમાં ભારત દેશના માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબની સરકાર સત્તા ઉપર આવ્યા પછી ૧૭મા જ દિવસે સરદાર સરોવર ડેમના દરવાજા લગાવવાની મંજૂરી મળી અને ટૂંકા સમયમાં નરેન્દ્રભાઈ મોદીના વરદહસ્તે આ યોજના રાષ્ટ્રને અર્પણ કરવામાં આવી. આ એક ઐતિહાસિક ક્ષણ હતી.

**માનનીય અધ્યક્ષશ્રી,**

૧૭ સપ્ટેમ્બર, ૨૦૧૯ના રોજ માનનીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબે આ જળાશય પૂર્ણ ભરી એટલે કે, ૧૩૮.૬૮ મીટર સુધી ભરી આ બંધનું લોકાર્પણ કરી ગુજરાતની સાડા છ કરોડ જનતાને પીવાનું અને સિંચાઇનું પાણી પહોંચાડવાનું ભગીરથ કાર્ય કર્યું છે.

**માનનીય અધ્યક્ષશ્રી,**

નર્મદા યોજનાનું ખાતમૂહુર્ત થયું, પરંતુ કામ હાથ ધર્યા બાદ પણ નર્મદા વિરોધીઓના કારણે આ કામ આગળ વધારવામાં વિલંબ થયો. નર્મદા બંધની ઉંચાઇ વધારવાની મંજુરી ટૂકડે ટૂકડે મળતી ગઇ તેમ તેમ તેનું બાંધકામ પૂર્ણ કરવામાં આવ્યું. વિકાસ વિરોધી લોકોના કારણે ગુજરાતના નાગરિકોને મા નર્મદા મૈયાના પાણીથી વંચિત રાખવામાં આવ્યા હતા.

**માનનીય અધ્યક્ષશ્રી,**

નર્મદાનો મહિમા ભારત વર્ષ માટે અવર્ણનીય છે. વેદવ્યાસજી રચિત પુરાણના રેવાખંડમાં પણ નર્મદા નદીનો મહિમા વર્ણવવામાં આવ્યો છે. ભગવાન વિષ્ણુ દ્વારા રાક્ષસોનો વધ કરવામાં આવ્યો પછી વિષ્ણુ ભગવાને પ્રાયશ્ચિત માટે ભગવાન શંકરને પ્રાર્થના કરી.

**માનનીય અધ્યક્ષશ્રી,**

ભગવાન શંકરે આ માટે નર્મદાને પ્રકટ કરી માટે તે શંકરપુત્રી કહેવાઈ. જેના જળમાં ભગવાન વિષ્ણુ સ્નાન કરી પવિત્ર થતાં હોય તેના મહિમાનું વર્ણન આપણે કઈ રીતે કરી શકીએ? જેના દર્શન માત્રથી મનુષ્ય પાપમુક્ત બની જતો હોય તે નર્મદાનો મહિમા ગાઈએ તેટલો ઓછો છે.

**માનનીય અધ્યક્ષશ્રી,**

આપણે નર્મદાને ગુજરાતની જીવાદોરી કહીએ છીએ અને આપણાં વડાપ્રધાન માન. શ્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબ નર્મદે સર્વદે કહે છે. તેનું કારણ એ છે કે ગુજરાતનો ભૌગોલિક વિસ્તાર ભારતના ભૌગોલિક વિસ્તારના લગભગ ૬ ટકા છે, વસતિ પણ લગભગ ૬ ટકા છે પણ

**માનનીય અધ્યક્ષશ્રી,**

ગુજરાતમાં પાણી ભારતના કુલ પાણીના માત્ર ૨.૫ ટકા છે જેના લીધે ગુજરાતમાં પાણીની તીવ્ર તંગી ઉભી થઇ શકે તેમ છે. નર્મદા યોજના આ તંગી સામે ગુજરાતને કવચ પૂરૂ પાડી રહી છે. ગુજરાતના ૧૭.૯૨ લાખ હેક્ટર વિસ્તારને સિંચાઈનો લાભ આપવા ઉપરાંત ગુજરાતની પ્રજાની પીવાની પાણીની જરૂરીયાતમાંથી ૮૦ ટકા જેટલી જરૂરીયાત નર્મદા યોજના પૂરી કરે છે.

**માનનીય અધ્યક્ષશ્રી,**

હાલ ૭ મહાનગરો, ૧૯૯ નગરો તથા ૧૧,૭૭૭ ગામોને નર્મદાનું પાણી પહોંચાડવામાં આવી રહ્યું છે. પિયત વિસ્તારની દ્રષ્ટિએ એક તરફ ગુજરાતના ૨૦૫ ડેમ અને બીજી તરફ એકલી સરદાર સરોવર યોજના – બંનેનો પિયત વિસ્તાર લગભગ સરખો છે. જે કુલ મળીને ૩૬ લાખ હેક્ટર થાય છે.

**માનનીય અધ્યક્ષશ્રી,**

આમ ૨૦૦ કરતાં વધારે ડેમ જેટલું યોગદાન માત્ર સરદાર સરોવર યોજના આપી રહી છે. જ્યારે વરસાદ અપૂરતો હોય ત્યારે પણ ગુજરાતમાં પીવાનું પાણી બધાને મળી રહે છે તે નર્મદાને આભારી છે. રાજ્ય સરકારે સમગ્ર ગુજરાતમાં વિશાળ પાઈપલાઈનનું નેટવર્ક ઉભુ કર્યું છે.

**માનનીય અધ્યક્ષશ્રી,**

માનનીય નાણાં મંત્રીશ્રીએ નર્મદા યોજના માટે વર્ષ ૨૦૨૪-૨૫માં રૂા. ૪૭૯૮ કરોડની જોગવાઇ કરી છે. તેમાં મુખ્યત્વે

- કચ્છ અને સૌરાષ્ટ્ર શાખા નહેરના પમ્પીંગ સ્ટેશનના વિસ્તરણ, જાળવણી અને સંચાલન માટે રૂા. ૭૬૫ કરોડની જોગવાઇ.
- નર્મદા યોજનાના કમાન્ડ એરિયામાં નહેરના વિસ્તરણ અને વિકાસના કામો માટે રૂા. ૫૯૦ કરોડની જોગવાઇ.

- અમદાવાદ જિલ્લાના નળકાંઠાના વિસ્તારમાં સિંચાઈ સુવિધા સુદ્રઢ કરવા રૂા. ૩૦૦ કરોડની જોગવાઇ.
- નર્મદા મુખ્ય નહેર પર વધારાના સ્ટ્રક્ચર તેમજ જાળવણીની કામગીરી માટે રૂા. ૧૮૬ કરોડની જોગવાઇ અને
- ગરૂડેશ્વર વિયર તથા વિવિધ શાખા નહેરો ઉપરના વીજ મથકો તેમજ એકતાનગર ખાતેના જળ વિદ્યુત મથકોના જાળવણી અને મરામત માટે રૂા. ૧૩૬ કરોડની જોગવાઇ જેવી બાબતોનો સમાવેશ થાય છે.

**માનનીય અધ્યક્ષશ્રી,**

નહેર માળખાના લગભગ 95 ટકા કામગીરી પૂર્ણ કરવા ઉપરાંત સૌની યોજના થકી 115 બંધો અને સુજલામ સુફલામ યોજના થકી 338 કિલોમીટરની નહેર અને અનેક જળાશયો નર્મદાના જળથી ભરવાની કામગીરી પૂર્ણ થઈ ચૂકી છે. પરંતુ હવે જે કામગીરી કરવાથી સમગ્ર નર્મદા યોજનાના લાભો છેવાડાના માનવી સુધી પહોંચાડવાના હેતુથી વર્ષ 2024-25 માટેનું જે બજેટ રજૂ કરવામાં આવ્યું છે તેને હું સમર્થન આપું છું.